શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ - અમદાવાદ (ટ્રસ્ટ રજી.નં. ઈ-૩૩૦૩, તા.૨૩-૮-૭૮) સંચાલિત માસિક

અરીસામાં "મુખ" અને સંસારમાં "સુખ" હોતુ નથી બસ દેખાય છે.

# પરિવાર પત્રિકા

વર્ષ - ૨૦ ● અંક-૨૪૦ ● સપ્ટેમ્બર - ૨૦૨૩

કિંમત રૂા. ૨-૦૦

જાગૃતિ • માહિતી • પ્રવૃત્તિ • પ્રગતિ

**પરિવાર પત્રિકાના કાયમી મુખ્ય સૌજન્યદાતા**

સ્વ. શ્રી જશવંતલાલ ચીમનલાલ શાહ......(રણુંજ)
સ્વ. વર્ષાબેન દિલીપભાઈ શાહ.........(ભાલક)

**કાયમી સહાયક દાતા**

સ્વ. વિમળાબેન રસીકલાલ શાહ......(લણવા/પુના)

**પરિવાર પત્રિકા સંપાદન સમિતિ**

સંપાદક : પ્રમોદભાઈ એન. ગાંધી 93270 07054
સહ સંપાદક : બકુભાઈ સી. ગાંધી 98250 96444

ભાઈલાલભાઈ એન. ગાંધી..........(સમોડા) 99257 22324
મીહીરભાઈ એચ. શાહ..........(બોકરવાડા) 98982 58515
ભાવેશભાઈ એમ. શાહ.............(ભાલક) 94277 02080

**મેનેજીંગ ટ્રસ્ટી**

જશવંતલાલ પી. શાહ..........(ભાલક) 99747 16584

**પરિવાર પ્રકાશન કાયમી સૌજન્ય**

શ્રી સેવંતીલાલ છબીલદાસ શાહ પરિવાર............(ભાલક)
સ્વ. શ્રી નટવરલાલ મણીલાલ શાહ................ (ભાલક)
સ્વ. જેઠાલાલ મોહનલાલ શાહ..................... (ખરોડ)
સ્વ. ચીનુભાઈ મણીલાલ શાહ.................. (પિંઢારપુરા)
સ્વ. શ્રી બાબુલાલ અંબાલાલ શાહ.................. (મોટપ)
સ્વ. શ્રી અમૃતલાલ ઠાકરશી શાહ............... (મોટી દેઉ)
સ્વ. શ્રી પુનમચંદ ઉત્તમચંદ શાહ................... (લણવા)
સ્વ. શ્રી બાબુલાલ કસળચંદ શાહ................ (વડાવલી)
શ્રીમતી પદ્માબેન રમણલાલ શાહ. .................. (મોટપ)
સ્વ. બિહારીભાઈ ચીમનલાલ મોદી...............(મહેસાણા)
શ્રી નટવરલાલ તલકચંદ શાહ.................... (દેલોલી)
શ્રી ચંપકલાલ મંગળદાસ શાહ......................(મગુના)
શ્રીમતી પન્નાબેન અશ્વિનકુમાર ગાંધી.............. (સમોડા)
સ્વ. સુબોધચંદ્ર મણીલાલ શાહ...................... (મણુંદ)
સ્વ. કાન્તાબેન રસીકલાલ શાહ................ (વિસનગર)
સ્વ. કમળાબેન ચીમનલાલ શાહ......... (ઉનાવા/આંબેગામ)
સ્વ. લીલાવતીબેન સુમતીલાલ શાહ......... (સીનોલી/મણુંદ)
શ્રીમતી ચંદ્રિકાબેન નવીનચંદ્ર શાહ..............(લણવા)
શ્રી વિજયકુમાર કનુભાઈ શાહ................ (બોરીઆવી)
શ્રીમતી રંજનબેન મહેન્દ્રભાઈ શાહ..................(દેલોલી)
શ્રી નટવરલાલ મફતલાલ શાહ.................... (દેલોલી)
શ્રી ભોગીલાલ લીલાચંદ શાહ....................... (મોટપ)
સ્વ. ઈન્દીરાબેન શશીકાંત તિજોરીવાળા..... (લુણવા-મંડાલી)
સ્વ. ઉષાબેન નરેન્દ્રકુમાર હીંમતલાલ શાહ.......(બોકરવાડા)
શ્રીમતી વિમળાબેન નટવરલાલ શાહ..............(કમાણા)
સ્વ. વસુમતીબેન ઈશ્વરલાલ સોમચંદ શાહ.......... (ભાલક)
સ્વ. પુષ્પાબેન સુરેશચંદ્ર રસિકલાલ ગાંધી......(રણુંજ)
સ્વ. કંચનબેન હીંમતલાલ વાડીલાલ શાહ....(બોકરવાડા)
સ્વ.મહેન્દ્રકુમાર રતીલાલ શાહ (ચાવાળા)..........(સમોડા)

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

### મંડળની પ્રવૃત્તિઓની ટૂંકમાં રૂપરેખા

આ મંડળની સ્થાપના સને ૧૯૫૪-૫૫માં સુડતાલીસ જૈન દશા શ્રીમાળીના આપણા જ્ઞાતિ સભ્યોએ અમદાવાદ મુકામે કરી હતી. ત્યારથી ઉત્તરોત્તર પ્રગતિના શિખરો સર કરતું કરતું સમાજના ઉત્કર્ષ માટે વિવિધ પ્રવૃત્તિઓનું સંચાલન કરે છે જેની વિગતો નીચે મુજબ છે.

**(૧) શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ :**

૧. જ્ઞાતિ સભ્યોને દર વર્ષે સભ્ય દીઠ બે (૨) ડઝન ફુલસ્કેપ ચોપડા અને પેનસેટનું રાહત દરે વિતરણ કરવામાં આવે છે.

૨. ધોરણ ૧ થી ૧૦ના જરૂરતમંદ બાળકોને સ્કુલની શિક્ષણ ફી તેમજ ગણવેશમાં ફંડની મર્યાદામાં રહીને સહાય આપવામાં આવે છે. તેવી જ રીતે ધોરણ ૧૧, ૧૨ તેમજ ધોરણ ૧૦ પછી ડીપ્લોમા કે આઈ.ટી.આઈ. ના વિદ્યાર્થીઓને શિક્ષણ ફીમાં સહાય કરવામાં આવે છે.

૩. વર્ષ દરમ્યાન શૈક્ષણિક પુરસ્કાર સમારોહનું આયોજન કરી સ્કોલર વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને પુરસ્કૃત કરવામાં આવે છે. સાથે સાથે વકૃત્વ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવે છે. દર (૩) ત્રણ વર્ષે સ્નેહ-સંમેલન-મેળાવડો યોજીને દાતાશ્રીઓનું બહુમાન પણ કરવામાં આવે છે.

**(૨) સાધર્મિક સહાય :**

આ યોજના અંતર્ગત સમાજના જરૂરતમંદ સાધર્મિકોને વર્ષમાં બે (૨) વાર (એપ્રિલ તેમજ ઓક્ટોબર) માસમાં ખાદ્ય સાધન સામગ્રી તેમના ઘરે પહોંચાડવામાં આવે છે. સાથે સાથે આ પરિવારો દૂધ-શાકભાજી તેમજ અન્ય ખાદ્ય સામગ્રી રોજે રોજ લઈ શકે તે માટે રોકડ રકમની પણ સહાય કરવામાં આવે છે.

**(૩) મેડીકલ સહાય :**

આ યોજના અંતર્ગત હોમિયોપેથી હેલીંગ સેન્ટરનું સંચાલન કરવામાં આવે છે. દરેક મહિને બે (૨) ગુરુવારના રોજ બપોરે ૨-૩૦ થી ૪-૩૦ દરમિયાન દર્દીઓને તપાસવા સહિત યોગ્ય માર્ગદર્શન અને જરૂરી દવા વિનામૂલ્યે આપવામાં આવે છે. આ ઉપરાંત જરૂરતમંદ જ્ઞાતિ સભ્યોને હોસ્પીટલમાં સારવાર ખર્ચમાં ફંડની મર્યાદામાં સહાય કરવામાં આવે છે. સાથે જૈન માઈનોરીટી તેમજ સરકારશ્રીની યોજનાનો લાભ લઈ શકે તે માટે કેમ્પનું આયોજન કરી જરૂરી માર્ગદર્શન પૂરા પાડવામાં આવે છે. બ્લડ કેમ્પ તથા વિવિધ રોગના નિષ્ણાંત ડૉક્ટર્સનો કેમ્પ પણ રાખી સહાયરૂપ થવામાં આવે છે. આયુષ્યમાન કાર્ડ માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવે છે.

**(૪) શુભલગ્ન યોજના :**

આ યોજનામાં સમગ્ર ૪૭ સમાજના જ્ઞાતિ સભ્યો પોતાના દિકરા-દિકરીના શુભલગ્ન કરી શકે છે. વર પક્ષ તેમજ કન્યા પક્ષનો નકરો રૂા.૩૧૦૦૦/- અલગ-અલગ છે. બંને પક્ષમાંથી એક પક્ષ ફરજીયાત સમાજના હોવા જરૂરી છે. એક પક્ષ સમાજના અને સામેનો પક્ષ સમાજ બહારના જૈન સિવાય જ્ઞાતિના હોય તો તેમનો નકરો રૂા.૫૧૦૦૦/- છે. મંડળ દ્વારા વેલકમ ડ્રીંક, બપોરનું જમણ તેમજ ચા-કોફી અને કન્યાને મંગળસૂત્ર તેમજ કરીયાવર વિના મૂલ્યે આપવામાં આવે છે. બંને

# પરિવાર પત્રિકા

**સૌજન્ય દાતા**
**(જાન્યુઆરી-૨૩ થી ડીસેમ્બર-૨૩)**



**સ્વ. પ્રકાશકુમાર સેવંતીલાલ શાહ**
જન્મ તા.૧૮-૧૧-૧૯૫૮ • સ્વ.તા.૧૯-૦૧-૨૦૨૨

ની સ્મૃતિમાં

સુરેખાબેન મુકેશકુમાર શાહ
મમતાબેન પ્રકાશકુમાર શાહ
હેમાબેન જીજ્ઞેશકુમાર શાહ
ખ્યાતિબેન રોહનકુમાર શાહ
વિલ્પાબેન પિયુષકુમાર શાહ
યાશિકા – નિશિત

**સ્વ.કમળાબેન સેવંતીલાલ માધવલાલ શાહ**
(મણુંદ–બોરીવલી)
પરિવાર તરફથી અમદાવાદ બહારના ભારતમાં વસતા તમામ જ્ઞાતિજનોને "પરિવાર પત્રિકા" મોકલવામાં આવશે.

## મંડળની વિવિધ પ્રવૃત્તિઓ

- કેળવણી સહાય/ઉચ્ચ શિક્ષણ સહાય
- સાધર્મિક સહાય
- મેડિકલ સહાય
- મહિલા તત્કાલ સહાય
- શુભ લગ્ન આયોજન
- પરિવાર પત્રિકા
- તપસ્વી બહુમાન
- સમ્યગ્ જ્ઞાન પ્રસાર નિધિ
- મહિલા મંડળ

## પરિવાર શુભેચ્છક

સ્વ. સુભદ્રાબેન સેવંતીલાલ શાહ ....(બોકરવાડા)
શ્રી બંકિમકુમાર કાંતિલાલ શાહ ..........(ઊંઢાઈ)
શ્રી જયંતિલાલ અંબાલાલ શાહ ...........(ઊંઢાઈ)
કંચનબેન ચીનુભાઈ તીજોરીવાળા (લુણવા-મંડાલી)
મધુબેન મહેન્દ્રકુમાર ડાહ્યાલાલ શાહ.....(મગુના)
સ્વ. શ્રી અંબાલાલ બુલાખીદાસ શાહ......(મણુંદ)
સ્વ. સવિતાબેન અંબાલાલ શાહ...........(મણુંદ)
સ્વ. શારદાબેન નરોત્તમદાસ શાહ.........(મણુંદ)
સ્વ. નીતાબેન પ્રમોદભાઈ શાહ...........(ખરોડ)

પક્ષને જમવાના ૫૦-૫૦ પાસ આપવામાં આવે છે. વધારાના પાસની જરૂરીયાત હોય તો તેના નાણાં લઈ મંડળ જરૂરી વ્યવસ્થા પૂરી પાડે છે. આ લગ્ન જ્ઞાતિના હોલમાં કરવામાં આવે છે. જેનું ભાડુ લેવામાં આવતું નથી.

**(૫) પરિવાર પત્રિકા :**

"પરિવાર પત્રિકા" સમાજનું માસિક મુખપત્ર છે. જેનો અંદાજે ૩,૦૦૦ પરિવારો લાભ લે છે. સમગ્ર સુડતાલીસ સમાજમાં થતી પ્રવૃત્તિઓ–માહિતી–જાગૃતિ અને પ્રગતિના સમાચાર/અહેવાલ પ્રગટ કરવામાં આવે છે. આ પત્રિકા દ્વારા પ્રચાર, પ્રસાર, આદાન–પ્રદાનથી જાગૃતિ અને એકતાનો સેતુ જોડાયેલો રહે છે. સારા અને પ્રેરણાદાયી લેખો પણ લખવામાં આવે છે. જ્ઞાતિ સભ્યોની જે તે ક્ષેત્રની સિધ્ધિઓને પણ બિરદાવવામાં આવે છે. વિદેશમાં વસતા જ્ઞાતિસભ્યોને પણ ઓનલાઈન–ઈમેઈલથી મોકલવામાં આવે છે.

**(૬) યુવા વિકાસ યુથ ફોરમ :**

દરેક સમાજમાં યુવાધન અને બુધ્ધિધન હોય જ છે. ફક્ત એક પ્લેટફોર્મ જોઈએ છે જે મંડળ દ્વારા પુરુ પાડવામાં આવે છે. યુવાઓને આકર્ષણ માટે તેમની પસંદગીની પ્રવૃત્તિઓનું જેવી કે ક્રીકેટ ટુર્નામેન્ટ કરાઓકે–સંગીત, રંગોલી તેમજ સારા અક્ષરની સ્પર્ધા વિગેરે આયોજન કરવામાં આવે છે જેથી તેમનામાં રહેલી ટેલેન્ટ શક્તિ ઉજાગર થાય છે. ફળ સ્વરૂપે તેઓ યેન–કેન, પ્રકારે સમાજને ઉપયોગી થાય છે. જે આજની તાતી જરૂરીયાત છે.

**(૭) સમ્યગ્ જ્ઞાન પ્રસાર નિધિ :**

આ યોજનાનો મુખ્ય હેતુ જૈન ધર્મના પ્રચાર–પ્રસાર અંગેનો છે આ યોજના અંતર્ગત સમગ્ર ૪૭ સમાજના જ્ઞાતિ સભ્યો કે જેમને જૈનીઝમનો અભ્યાસ કરવો હોય, જૈનવિદ્યાના વિષયો સાથે એમ એ કરવું હોય તેમને ફી તેમજ તેને આનુશાંગિક જે ખર્ચ થાય તે મંડળ દ્વારા પૂરા પાડવામાં આવે છે. જ્ઞાતિ હોલ–વાસણા ખાતે જૈન ધર્મના સૂત્રોનો શુધ્ધિકરણ–ભાવાર્થ સાથેનો અભ્યાસ કરાવવા માટે વિદ્વાન પંડિત સાથેની પાઠશાળા પણ શરૂ કરવામાં આવેલ છે. જૈન ધર્મના નિષ્ણાંત વ્યાખ્યાનોના વક્તવ્ય પણ રાખવામાં આવે છે. જૈન ધર્મના પુસ્તકોની એક લાયબ્રેરી પણ કાર્યરત છે. જેનો જ્ઞાતિસભ્યો લાભ લઈ રહ્યા છે.

**(૮) મહિલા મંડળ :**

સમાજની મહિલાઓના સર્વાંગી વિકાસ માટે અને ખાસ કરીને મહિલાઓ સ્વનિર્ભર, આત્મનિર્ભર બને તેમજ તેમનામાં રહેલ અમૂલ્ય શક્તિઓને એક પ્લેટફોર્મ મળી રહે તે માટે સને ૧૯૯૨થી મહિલ મંડળ કાર્યરત છે. આ મંડળ દ્વારા મહિલા તત્કાલ સહાય યોજના પણ અમલમાં છે. આ યોજના અંતર્ગત આકસ્મિક સમયમાં સહાય તેમજ રોજગાર માટે આર્થિક સહાય પૂરી પાડવામાં આવે છે. સરકારશ્રીની વિવિધ યોજનાઓ અંગે માર્ગદર્શન આપી લાભ અપાવવામાં આવે છે. જેમકે વિધવા પેન્શન યોજના વિગેરે. પર્યુષણ મહાપર્વ દરમિયાન જે જ્ઞાતિસભ્યોએ અઠ્ઠાઈ, સોળ ઉપવાસ, માસક્ષમણ, વર્ષ દરમ્યાન વર્ષીતપ, સિધ્ધિતપ કે અન્ય તપ કર્યા હોય તેવા તપસ્વીઓનું બહુમાન કરી સાધર્મિક ભક્તિનું પણ આયોજન કરવામાં આવે છે. આ ઉપરાંત સામાજિક, સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ મહિલાઓના રોગ નિવારણ માટે એક્સપર્ટના પ્રવચનનું આયોજન કરવામાં આવે છે. સાથે સાથે મનોરંજન, રમત–ગમત, રંગોળી, દાબડા ઉજાણી તેમજ હાઉસીના કાર્યક્રમો પણ યોજવામાં આવે છે.



**નિર્મળાબેન જશવંતલાલ શાહ**
રણુજ - હાલ : અમદાવાદ
જન્મ તા.૧૮-૦૩-૧૯૪૪ • સ્વ. તા.૨૧-૦૩-૨૦૨૨

બોલતા "પહેલાં" અક્ષર આપણો ગુલામ
અને બોલ્યાં "પછી" આપણે અક્ષરના ગુલામ

મયુર જશવંતલાલ શાહ
જાસ્મીન વિજય શાહ • વિજય જશવંતલાલ શાહ
ક્રિપા સંજય શાહ • સંજય જશવંતલાલ શાહ

V. Jashvantlal & Co.
Stallion Laboratories Pvt. Ltd.
Espee Pharmachem Pvt. Ltd.

(૯) ઈતર પ્રવૃત્તિઓ :

કુદરતી આપત્તિઓ જેવી કે અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ભુકંપ તેમજ રોગ મહામારીના સમયમાં સમાજના શ્રેષ્ઠીવર્ય દાતાશ્રીઓ પાસેથી દાન મેળવી જ્ઞાતિસભ્યોને સહાય પૂરી પાડવામાં આવે છે. દા.ત. સૂરત રેલ, ભૂકંપ તેમજ કોરોના...

આ ઉપરાંત ધાર્મિક યાત્રા પ્રવાસોનું આયોજન કરવામાં આવે છે. આઈ.ટી. કમિટી દ્વારા સમાજને લગતા સમાચારો પણ જ્ઞાતિસભ્યોને વોટ્સએપ દ્વારા મોકલવામાં આવે છે.

આ તમામ સેવાકીય પ્રવૃત્તિઓ સમાજના શ્રેષ્ઠીવર્ય દાતાશ્રીઓના કાયમી દાનના વ્યાજમાંથી કરવામાં આવે છે. રૂા.૨૧,૦૦૦/- કે તેથી વધુ આવેલ દાન કાયમીફંડમાં લઈ જવામાં આવે છે અને તેનાથી ઓછી રકમનું આવેલ દાન (ચાલુ દાન) જે તે પ્રવૃત્તિમાં સીધુ વાપરવામાં આવે છે. આપણા મંડળની આજ વિશેષતા છે.

જશવંતલાલ પી. શાહ-મેનેજીંગ ટ્રસ્ટી • બકુભાઈ સી. ગાંધી-પ્રમુખ • ભાવેશભાઈ એમ. શાહ-મંત્રી

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

### પ્રગતિ અહેવાલ

સુજ્ઞ જ્ઞાતિજનો,

જૈનં જયતિ શાસનમ્... પંચેન્દ્રિયોથી થતા કષાયો અને આત્માની ઉન્નતિમાં અવરોધરૂપ કામ, ક્રોધ, લોભ, મોહ, રાગ-દ્વેષ જે જીતે તે જિન અને અહિંસા પરમો ધર્મ જેનો સિદ્ધાંત છે તે જૈનધર્મમાં પર્વાધિરાજ પર્યુષણનો મૂલાધાર - જીવમાત્ર પ્રત્યે વેરને બદલે મૈત્રી, સ્વાર્થ ને બદલે ઉદારતા, અહંકારને બદલે નમ્રતા અને ક્રોધને બદલે સમતા છે. પુણ્યોદયે આપણને જૈનશાસન મળ્યું છે તો આ પર્યુષણમાં સાંસારિક પ્રવૃત્તિઓને સંકોરીને દેહભાવને ગૌણ કરીને, વ્રત, જપ, તપ, ત્યાગ, આરાધના કરીને આત્માની સમીપે જવાનું છે. પાપને શોષવાના અને પુણ્યને પોષવાના આ મહાપર્વને ખૂબ ઉમંગથી ઉજવીએ, સૌ જીવો મોક્ષ પ્રાપ્તિના પંથે પ્રગતિ કરે તેવી અભ્યર્થના.

સમગ્ર જ્ઞાતિમાં નાની-મોટી સર્વ તપસ્યા કરનાર સર્વ જ્ઞાતિજનોની અમદાવાદ જ્ઞાતિમંડળ ભૂરિ ભૂરિ અનુમોદના કરે છે.

### તપસ્વી બહુમાન

<u>તા.૧-૧૦-૨૦૨૩ સમય ૨.૦૦ થી ૫.૦૦, જ્ઞાતિમંડળનો હોલ, વાસણા.</u>

સૌજન્ય : તપસ્વી બહુમાન અને સ્વામી વાત્સલ્ય કાયમી યોજનાના મુખ્ય સૌજન્યદાતા શ્રી સુમતિલાલ કેશવલાલ ન્હાલચંદ સરૈયા ભરતભાઈ, દિપકભાઈ અને કમલેશભાઈ પરિવાર - ઉનાવા. સર્વેને તપસ્વીઓની અનુમોદના કરવા સમયસર પધારવા વિનંતી. તપસ્વીઓના બહુમાન બાદ સ્વામીવાત્સલ્યનો લાભ આપવા વિનંતી.

કુટુંબમાં જો એક વ્યક્તિ ઉચ્ચશિક્ષણ પામેલ હશે તો તે કુટુંબના અનુગામીઓ પણ તેમાંથી પ્રેરણા લઈને ઉચ્ચશિક્ષણ મેળવશે અને એ રીતે સમગ્ર સમાજ સુશિક્ષિત બનશે. શિક્ષણ વિના સમાજનો વિકાસ વિકાસ થઈ શકે નહિ. ઝડપથી પરિવર્તન પામી રહેલા આ યુગમાં ઉચ્ચશિક્ષણ આવશ્યક છે. શિક્ષણ થકી જ સમાજની દરેક વ્યક્તિ સ્વાવલંબી થઈ શકે અને સન્માનપૂર્વક રહી શકે. તેથી જ આપણું જ્ઞાતિમંડળ હંમેશાં આર્થિક રીતે વધુમાં વધુ શૈક્ષણિક સહાય કરે છે. શ્રીમતી રાઈબેન નાથાલાલ ગાંધી (હસ્તે શેઠ શ્રી લાલચંદભાઈ નાથાલાલ ગાંધી, મોટેરા-મુંબઈ) શૈક્ષણિક સહાય યોજના અંતર્ગત ધોરણ ૧ થી ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને શાળા ફી તેમજ ગણવેશ માટે શૈક્ષણિક સહાય આપવામાં આવે છે. તે મુજબ અમદાવાદ જ્ઞાતિમંડળની શૈક્ષણિક સમિતિ દ્વારા ચાલુ વર્ષે ધો.૧ થી ૧૦ વિદ્યાર્થીઓની આવેલી તમામ અરજીઓ મંજૂર કરવામાં આવી. તેમાં શિક્ષણ ફી પેટે રૂા. ૯૩૫૧૦/- અને ગણવેશ પેટે રૂા.૧૧૫૭૦/-નો ખર્ચ મંજૂર કરેલ છે.

શાહ સમુબેન કેશવલાલ ન્યાલચંદ માધવજીની સ્મૃતિમાં શ્રીમતી સુભદ્રાબેન સુમતિલાલ કેશવલાલ સરૈયા પરિવાર ઉચ્ચ શિક્ષણ સહાય યોજનાના કાયમી મુખ્ય સૌજન્યદાતા છે. આ યોજના અંતર્ગત ચાલુ વર્ષે અમદાવાદ જ્ઞાતિમંડળની શૈક્ષણિક સમિતિ દ્વારા ઉચ્ચશિક્ષણ સહાય માટે આવેલી અરજીઓમાંથી એકને બાદ કરતાં તમામ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે અને તે પેટે રૂા.૬૮૨૦/-નો ખર્ચ મંજૂર કરેલ છે.

સમાજના ઉદારદિલ દાતાઓના દાનથી, જ્ઞાતિબંધુઓના સાથ, સહકાર અને હૂંફથી વર્તમાનમાં જ્ઞાતિમંડળની કામગીરી કરવાની અમને તક મળી છે તે બદલ અમે સૌના આભારી છીએ. પરંતુ ભવિષ્યમાં નવી પેઢીએ આ વહીવટ સંભાળવો તો પડશે ને? તે માટે યુવાનોએ મંડળમાં સક્રિય થવું જરૂરી છે.

મેડીકલ સહાય સ્કીમ અંતર્ગત, અમદાવાદ જ્ઞાતિમંડળ દ્વારા જ્ઞાતિજનોને દર પખવાડિયે - ગુરુવારે ૨.૩૦ થી ૪.૩૦ દરમ્યાન હોમિયોપથી નિદાન અને દવા નિઃશુલ્ક આપવામાં આવે છે. તેનો મેસેજ જ્ઞાતિ દ્વારા પ્રસારિત કરવામાં આવે છે. લાભ લેવા વિનંતી.

ભાવેશભાઈ એમ. શાહ-માનદ્મંત્રી • રમેશભાઈ સી. શાહ-સહમંત્રી

### શૈક્ષણિક પુરસ્કાર સમારોહ

<u>તા.૧-૧૦-૨૦૨૩ રવિવાર, બપોરે ૧૧.૩૦ જ્ઞાતિ હોલ, વાસણા.</u>

**-: કાયમી સૌજન્યદાતા :-**

શ્રીમતી કંચનબેન બાબુલાલ દલસુખલાલ ગાંધી પરિવાર (મોટેરા-અમદાવાદ) સુપુત્રીઓ : રૂપાલી પરિનભાઈ • નીપા અમિતભાઈ

આપણા મંડળ દ્વારા ચાલતી શૈક્ષણિક - ઉચ્ચ શૈક્ષણિક પ્રવૃત્તિના ભાગરૂપે વર્ષ ૨૦૨૨-૨૩ના જે તેજસ્વી વિદ્યાર્થીઓ / વિદ્યાર્થીનીઓ પુરસ્કાર મેળવવાને પાત્ર થાય છે તેની યાદી આ અંકમાં છાપવામાં આવેલ છે. ધોરણ ૧ થી ૧૦માં પ્રથમ ત્રણને ઈનામ, ધો.૧૧, ૧૨માં પ્રથમ બેને ઈનામ અને કોલેજના સ્નાતક, અનુસ્નાતક તેમજ અન્ય ફેકલ્ટીના ઉચ્ચશિક્ષણના ડીગ્રી હોલ્ડર હોય તેમાં માત્ર પ્રથમ ૧ ને ઈનામ મળે છે. તે મુજબ આ યાદીમાં ક્રમ જાહેર કરેલ છે. યાદી મુજબ જે વિ.ઈનામને પાત્ર થયા હોય તેમણે સ્વયં અચૂક હાજર રહીને ઈનામ મેળવી લેવા વિનંતીય

સંદીપ એસ. શાહ-કન્વીનર,મો.૯૮૨૫૭૮૭૫૪૯

સેવા
સહકાર
સંકલન
સંગઠન
સમજણ

# સંપાદકિય

આ સંસારમાં
દરેક વ્યક્તિને પોતાના
"જ્ઞાનનું અભિમાન" છે,
પરંતુ
કોઈને પોતાના
"અભિમાનનું જ્ઞાન"
નથી.

---

હું બીજાથી સારુ કરુ એ
"ઈર્ષ્યા" અને
હું બીજાનું સારુ કરુ એ "સંસ્કાર"

---

શેરડીમાં જ્યાં "ગાંઠ" હોય છે,
ત્યાં "રસ" નથી હોતો
અને
જ્યાં "રસ" હોય છે
ત્યાં "ગાંઠ" નથી હોતી.

---

સંબંધોને "બાંધવા"
ખૂબ જ સહેલા છે,
પણ આ સંબંધોને
"સાચવવા" જ અઘરા પડે છે.

---

"પારખવા"ની કોશીશ
ઘણી બધી કરી બધાએ,
અફસોસ"સમજવા"ની
કોશીશ કોઈએ ના કરી.

---

કોઈને "અડવુ" નહીં
એ આપણે શીખી ગયા,
પણ કોઈને "નડવુ" નહી
એ ના શીખ્યા.

---

સુખ વહેંચવા
"સંગત" જોઈએ,
દુ:ખ વહેંચવા
"અંગત" જોઈએ.

---

જિંદગી છે આ,
બાપાનું ઘર નથી.
પણ
ખબર ના પડવી જોઈએ કે
આજ છેલ્લો દિવસ છે....
ખબર છે કે મારું કશું જ નથી
છતાં છોડવાનું ગજું નથી !!!

---

આપણા પોતાના
માઈનસ પોઈન્ટની
ખબર હોય એ
આપણો પ્લસ પોઈન્ટ છે.

---

પુરુષનો ઊંચો અવાજ
સ્ત્રીને ચૂપ કરાવી દે છે,
પણ સ્ત્રીનું મૌન
પુરુષના પાયા જ હલાવી નાખે છે.

---

કેવો ગજબનો શબ્દ છે
"સોરી"
જ્યારે માણસ બોલે તો
ઝઘડો પૂરો અને જો
ડૉક્ટર બોલે તો માણસ પૂરો

---

મદદ એક એવી ઘટના છે,
કરો તો લોકો ભુલી જાય છે,
ના કરો તો લોકો યાદ રાખે છે.

---

આપણા અને તાપણાની
એક ખાસિયત છે,
બહુ નજીક ના રહેવું
અને બહુ દૂર પણ ના રહેવું.

---

જીવનની શરૂઆત
પોતાના રડવાથી થાય છે
અને જીવનનો અંત
બીજાના રડવાથી થાય છે.

---

ઈચ્છાઓ પૂરી ના થાય તો
ક્રોધ વધે છે
અને
ઈચ્છાઓ પૂરી થાય તો
લોભ વધે છે.

---

મગજ ભલે હૃદયથી
બે વેંત ઉંચે હોય,
પણ હૃદયથી બનતા સંબંધો,
બધાથી ઊંચા હોય છે...

---

સાદાઈ, સંયમ અને સંતોષ
હશે તો જ શાંતિની
અનુભૂતિ થઈ શકશે.

---

લખાણને
બે જ જણા દિલથી વાંચે છે,
એક જ્ઞાન મેળવનાર...
અને બીજો ભુલો શોધનાર...

---

પેન્સિલ પછી...
જ્યારે બોલપેન ની
શરૂઆત થાય ત્યારે...
સમજવું કે...
ભૂલો સુધારવાનો સમય
પૂરો થયો.

---

જીવનમાં એટલો તો સંઘર્ષ
કરવો જોઈએ કે
આપણા બાળકનો
આત્મવિશ્વાસ
વધારવા બીજા કોઈના
દાખલા આપવા ન પડે.

---

સમય બાતાવી શકે છે કે તમારી પાસે
કેટલો પૈસો છે... પણ
પૈસો નથી બતાવી શક્તો કે હવે તમારી
પાસે કેટલો સમય છે....

પ્રમોદ એન. ગાંધી-સંપાદક • બકુભાઈ સી. ગાંધી-સહસંપાદક

# હાર્દિક અભિનંદન સહ શુભેચ્છા




સ્વ. રવિભાઈ કંકુચંદ ગાંધી

અને

રીતાબેન રવિભાઈ ગાંધીની સુપૌત્રી

તથા

જયેશ રવિ ગાંધી અને રીના જયેશ ગાંધીની

સુપુત્રી

## ચિ. કનીષા

એ અભ્યાસ ક્ષેત્રે પ્રગતિ કરી

M.S. in computer Scienceની પદવી

San Jose State University,

Coliforniya, U.S.A. માંથી એનાયત થયેલ છે.

તેની આ સફળતા બદલ અમારા સૌ તરફથી

ખૂબ ખૂબ અભિનંદન

ચિ. કનીષા ઉત્તરોત્તર પ્રગતિ કરી

કુટુંબ અને સમાજનું

ગૌરવ વધારે તેવી શુભેચ્છા






**શુભેચ્છક**

| | |
|---|---|
| **રૂપલ-સંદિપ ગાંધી** | **સુશીલાબેન-બીપિનભાઈ શાહ** |
| (કાકી–કાકા),સમોડા | (નાના–નાની) ભાલક |
| **પૂર્વિ-ઉર્મિલ બખાઈ** | **પારૂલ-મીહિર શાહ** |
| (ફઈ–ફુઆ) | (મામી–મામા) |
| **હેત્વી, ખુશી, ઈશાન, આયુષી, ક્રિષિકા** | **સુહાની-સૌમ્ય, શિલન-ધ્રુવી** |

નિવાસ સ્થાન : **રીતાબેન રવિભાઈ ગાંધી** ઈ-૮૦૩, સત્વ એપાર્ટમેન્ટ, શાંતિવન, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.૧

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળ, અમદાવાદ

| તપસ્વી બહુમાન | સ્વામી વાત્સલ્ય |
|---|---|
| તા.૧-૧૦-૨૩ રવિવાર, બપોરે ૨.૦૦ કલાકે | તા.૧-૧૦-૨૦૨૩, રવિવાર સાંજે ૫.૦૦ કલાકથી સૂર્યાસ્ત સુધી જ |

તા.૧-૧૦-૨૩ રવિવારે જ્ઞાતિ હોલ, વાસણા ખાતે તપસ્વી બહુમાનનો કાર્યક્રમ રાખેલ છે જે બપોરે ૨.૦૦ કલાકે સમયસર ચાલુ થઈ જશે. આ કાર્યક્રમના અંતે કાયમી મુખ્ય સૌજન્યદાતાના સહયોગથી સ્વામીવાત્સલ્ય શરૂ કરવામાં આવશે અને સૂર્યાસ્ત સુધીમાં પૂર્ણ થશે.

જ્ઞાતિના જે ભાઈઓ, બહેનો અને બાળકોને ચાતુર્માસ દરમ્યાન ક્ષીરસમુદ્ર, અઠ્ઠાઈ કે તેથી વધુ સળંગ ઉપવાસ, સિદ્ધિતપ ગઈ સાલ પૂર્ણ કરેલ હોય, તેઓએ પોતાના નામ, ગામ, કરેલ તપની વિગતો તા.૨૫-૯-૨૦૨૩ સુધીમાં જ્ઞાતિના હોલ પર કાર્યાલય સમય દરમ્યાન નોંધાવી દેવી અને તે જ નામ માન્ય ગણાશે. સર્વે તપસ્વી ભાઈ-બહેનો અને સર્વે જ્ઞાતિજનો આ પ્રસંગે હાજર રહી તપ અને તપસ્વીઓની અનુમોદના કરે એવી અભ્યર્થના.

**હાજર રહેનાર તપસ્વીઓનું જ બહુમાન કરવામાં આવશે.**

તપસ્યા અને પ્રભાવના કરવા ઈચ્છનાર જ્ઞાતિજનોએ પોતાના નામ, ગામ તથા પ્રભાવનાની રકમ કાર્યાલય સમય દરમ્યાન તા.૨૭-૯-૨૩ સુધીમાં કાર્યાલયમાં લખાવવાની રહેશે.

અમદાવાદ મહિલા મંડળની સ્થાપના તા.૧૬-૮-૧૯૯૨ના રોજ શ્રીમતી ઉર્મિલાબેન એચ. શાહના નેજા હેઠળ થઈ હતી. આ મહિલા મંડળના આજે ૫૦૦થી વધુ સભ્યો છે. તેઓ સલાહકાર બોર્ડના સભ્ય તરીકે આ મંડળને સતત પ્રેરણા આપે છે.

આ મહિલામંડળના ૩૨મા વર્ષના પ્રવેશ નિમિત્તે પ્રેરણાતીર્થ, જૈન દેરાસરમાં મંડળના કારોબારી સભ્યોને જાતે જ સ્નાત્રપૂજા ભણાવી હતી. ત્યારબાદ ઉપસ્થિત સૌ બહેનોએ સાધર્મિક ભક્તિનો લાભ લીધો હતો.



દેવલબેન કે. શાહ-મંત્રી- ૯૯૯૮૪૧૬૧૬૧
સોનલબેન એસ. શાહ-સહમંત્રી - ૯૯૯૮૩૮૮૧૯૪

**❋ રાત્રિ ભોજન તે નર્કનું પ્રવેશ દ્વાર છે. ❋**

# અભિનંદન સહ શુભેચ્છા



ભાલક નિવાસી હાલ: અમદાવાદ
**શ્રીમતી સરોજબેન મુકેશભાઈ શાહ** ની પૌત્રી
અને
**શ્રીમતી હિમાન્દ્રીબેન જીગરભાઈ શાહ** ની પુત્રી

## ચિ. રિયા

અભ્યાસ ક્ષેત્રે B Pharm ની
ડિગ્રી પ્રાપ્ત કરેલ છે.
આ ડિગ્રી મેળવવા બદલ
અમારો પરિવાર
ખુબ આનંદની લાગણી અનુભવે છે.

**જીગર મુકેશભાઈ શાહ**
મો.: ૯૫૮૬૪૪૦૭૮૦
નિવાસ : સી-૪૧, શરણમ્-૮, સત્યમ સ્ટેપ્સીની સામે, જોધપુર-સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

શ્રી પદ્મપ્રભુસ્વામીને નમઃ



# અભિનંદન સહ શુભેચ્છા

પીંઢારપુરા નિવાસી હાલ : અમદાવાદ

**પુષ્પાબેન નવિનચંદ્ર શાહના પૌત્ર** અને

**મીતાબેન કુમારપાળ શાહ** ના સુપુત્ર

## ચિ. મનન

ને કેનેડા - ઓન્ટેરિઓ સ્થિત

**University of Guelph** માંથી

**Masters in Computer Engineering** ની

ઉચ્ચ ડિગ્રી એનાયત થયેલ છે.

તે માટે ખૂબ ખૂબ અભિનંદન

## ચિ. મનન

દિન પ્રતિદિન

ઉત્તરોત્તર પ્રગતિ સાધતો રહે

તેવી શુભેચ્છા



નીલાબેન • સુનિલભાઈ - કુશલ

અમિતાબેન • સુનિલકુમાર - ધ્રુવ

વિધિ • અર્પિત - જૈનિલ

હેલીના • હર્ષિલકુમાર - જૈવલ

નિધિ • શ્રેયસકુમાર - ત્વીશા

વિપિનચંદ્ર લહેરચંદ શાહ (બોકરવાડા)

ચંદ્રીકાબેન વિપિનચંદ્ર શાહ

ડિમ્પીબેન • હિમાંશુભાઈ

હિરલબેન • અનુપભાઈ

વૃશાલી, ક્રિષ, કહાન, ધિહાન

નિવાસ સ્થાન : **કુમારપાળ એન. શાહ**

૬૪, કુંદન ટેનામેન્ટ, વિભાગ-૩, પીએનટી કોલોની પાસે, વાસણા, અમદાવાદ-૦૭. ફોન : ૯૮૨૪૦૭૫૩૭૧, ૯૪૨૯૦૨૪૯૯૭

**Firm : P. Navinchandra & Co.**

**Ashokpura, Opp. New Chawl, Dudheshwar Road, Ahmedabad.**

# શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

## નીચે જણાવેલ વિદ્યાર્થીઓ ૨૦૨૨-૨૩માં ઈનામને પાત્ર બને છે.

| | ધોરણ-૧ (વર્ષ ૨૦૨૨-૨૩) | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | વિદ્યાર્થીનું નામ | ગામ | મેમ્બરશીપ નં. | પર્સન્ટેજ | મોબાઈલ નંબર |
| ૧ | વ્યાના દક્ષેશ શાહ | ભાલક | ૮૦૭ | ૯૯ | ૮૧૪૧૮૧૭૧૦૦ |
| ૨ | રુદ્રા ઈશાનભાઈ શાહ | લાછડી | ૧૩૨૩ | ૯૩.૯ | ૯૯૨૪૪૪૨૪૭૫ |
| ૩ | ભવ્ય આશીષભાઈ શાહ | દાસજ | ૧૨૮૭ | ૮૩.૬૭ | ૯૮૯૮૪૭૭૮૭૨ |

| | ધોરણ-૨ (વર્ષ ૨૦૨૨-૨૩) | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | વિદ્યાર્થીનું નામ | ગામ | મેમ્બરશીપ નં. | પર્સન્ટેજ | મોબાઈલ નંબર |
| ૧ | જૈનમ અમીતકુમાર શાહ | ખરોડ | ૭૫૫ | ૯૮.૫ | ૯૮૯૮૩૯૩૨૭૨ |
| ૨ | જૈનીલ અમીતકુમાર શાહ | ખરોડ | ૭૫૫ | ૯૮.૪ | ૯૮૯૮૩૯૩૨૭૨ |
| ૩ | મીસીકા કૌશલભાઈ શાહ | બોકરવાડા | ૮૭૦ | ૯૮ | ૯૪૨૭૯૫૯૫૯૪ |

| | ધોરણ-૩ (વર્ષ ૨૦૨૨-૨૩) | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | વિદ્યાર્થીનું નામ | ગામ | મેમ્બરશીપ નં. | પર્સન્ટેજ | મોબાઈલ નંબર |
| ૧ | વિહાન નીહારભાઈ શાહ | પીંઢારપુરા | ૫૮૭ | ૯૮.૮૩ | ૯૩૭૬૮૯૧૧૬૫ |
| ૨ | સ્વરા જીગરભાઈ શાહ | ઉનાવા | ૮૬૬ | ૯૬.૪ | ૯૯૦૯૩૦૮૭૩ |
| ૩ | હિર પ્રશાંતકુમાર શાહ | બોકરવાડા | ૧૦૩૭ | ૯૪ | ૯૯૨૪૦૦૬૫૦૧ |

| | ધોરણ-૪ (વર્ષ ૨૦૨૨-૨૩) | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | વિદ્યાર્થીનું નામ | ગામ | મેમ્બરશીપ નં. | પર્સન્ટેજ | મોબાઈલ નંબર |
| ૧ | ધ્યાન સૌરભભાઈ શાહ | બોકરવાડા | ૧૦૩૮ | ૯૫ | ૯૯૭૪૪૨૨૯૯૦ |
| ૨ | વીર બાદલભાઈ શાહ | ઉંઢાઈ | ૧૩૬૧ | ૯૩.૮૩ | ૯૮૨૪૫૯૪૮૪૪ |
| ૩ | હર્ષ જીજ્ઞેષકુમાર શાહ | મોઢેરા | ૧૦૬૯ | ૯૨.૧૪ | ૯૯૮૪૧૫૩૨૬ |

| | ધોરણ-૫ (વર્ષ ૨૦૨૨-૨૩) | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | વિદ્યાર્થીનું નામ | ગામ | મેમ્બરશીપ નં. | પર્સન્ટેજ | મોબાઈલ નંબર |
| ૧ | પ્રાંશ આકાશભાઈ ગાંધી | રણુંજ | ૧૨૬૧ | ૯૬.૦૪ | ૯૮૨૪૦૪૪૪૦૧ |
| ૨ | કાવ્યા ભાવીનભાઈ શાહ | બોકરવાડા | ૮૭૬ | ૯૬.૨ | ૯૯૨૫૫૯૪૭૬૭ |
| ૩ | નમ્યા જૈમીનભાઈ શાહ | પીંઢારપુરા | ૪૬ | ૯૫.૬૪ | ૯૯૦૪૧૪૧૦૯૯ |

| | ધોરણ-૬ (વર્ષ ૨૦૨૨-૨૩) | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | વિદ્યાર્થીનું નામ | ગામ | મેમ્બરશીપ નં. | પર્સન્ટેજ | મોબાઈલ નંબર |
| ૧ | મીશા કૌશલભાઈ શાહ | બોકરવાડા | ૮૭૦ | ૯૫ | ૯૪૨૭૯૫૯૫૯૪ |
| ૨ | વીર કલ્પેશભાઈ શાહ | ગાંભુ | ૧૧૯૫ | ૮૮.૨૨ | ૮૪૮૭૯૮૯૨૯૦ |
| ૩ | યસ્વી દેવલભાઈ શાહ | મોટીદાઉ | ૧૦૯૦ | ૮૩ | ૯૪૨૭૦૩૩૭૧૦ |

# શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

## નીચે જણાવેલ વિદ્યાર્થીઓ ૨૦૨૨-૨૩માં ઈનામને પાત્ર બને છે.

### ધોરણ-૭ (વર્ષ ૨૦૨૨-૨૩)

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | ગામ | મેમ્બરશીપ નં. | પર્સન્ટેજ | મોબાઈલ નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | રુદ્ર રોનકભાઈ શાહ | મોટીદાઉ | ૧૧૬૪ | ૯૭.૨૫ | ૯૯૨૫૬૦૨૨૫૦ |
| ૨ | યસ્વી જીગરભાઈ શાહ | ઉનાવા | ૮૬૬ | ૯૬.૩૩ | ૯૯૦૯૯૩૦૮૭૩ |
| ૩ | જીયા કૃણાલભાઈ શાહ | બોકરવાડા | ૮૧૨ | ૯૦.૪૨ | ૯૮૭૯૮૨૩૫૩૮ |

### ધોરણ-૮ (વર્ષ ૨૦૨૨-૨૩)

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | ગામ | મેમ્બરશીપ નં. | પર્સન્ટેજ | મોબાઈલ નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | રીત્વા આલોકભાઈ શાહ | ભાલક | ૮૫૨ | ૯૬.૫ | ૯૪૨૬૩૬૪૪૨૪ |
| ૨ | હેત અલ્કેશકુમાર શાહ | વીસનગર | ૧૧૭૯ | ૯૬ | ૮૭૯૯૩૪૮૦૮૫ |
| ૩ | વિહાન કૃણાલકુમાર શાહ | બોકરવાડા | ૯૬૦ | ૯૪.૬૭ | ૯૪૨૬૫૦૨૦૧૩ |

### ધોરણ-૯ (વર્ષ ૨૦૨૨-૨૩)

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | ગામ | મેમ્બરશીપ નં. | પર્સન્ટેજ | મોબાઈલ નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | નિહાર ધવલભાઈ શાહ | ખોરડ | ૮૨૯ | ૯૦.૯ | ૯૩૨૮૯૪૮૦૭૫ |
| ૨ | હેનીલ મલયભાઈ શાહ | ઉનાવા | ૮૬૯ | ૮૫ | ૯૪૨૯૩૮૯૯૧૬ |
| ૩ | આગમ શ્રવીણકુમાર શાહ | ઉનાવા | ૭૮૪ | ૮૦.૨૯ | ૯૪૨૯૩૧૭૭૩૮ |

### ધોરણ-૧૦ (વર્ષ ૨૦૨૨-૨૩)

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | ગામ | મેમ્બરશીપ નં. | પર્સન્ટેજ | મોબાઈલ નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રથમ મનીષભાઈ શાહ | લાછડી | ૪૦૮ | ૯૪.૧૬ | ૯૪૨૮૩૫૨૯૩૨ |
| ૨ | જીયા ધર્મેન્દ્રભાઈ શાહ | લાછડી | ૮૩૦ | ૯૨.૬૬ | ૯૬૨૪૦૭૫૯૦૬ |
| ૩ | કહાન અનુપભાઈ શાહ | બોકરવાડા | ૮૭૮ | ૮૯.૪ | ૯૮૭૯૭૯૯૦૭૯ |

### ધોરણ-૧૧ સાયન્સ (વર્ષ ૨૦૨૨-૨૩)

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | ગામ | મેમ્બરશીપ નં. | પર્સન્ટેજ | મોબાઈલ નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | વીરતી પુરવભાઈ ગાંધી | સમોડા | ૧૦૪૪ | ૮૫.૨ | ૯૦૯૯૦૭૮૯૬૧ |
| ૨ | માનવ નીરવભાઈ શાહ | બોકરવાડા | ૧૦૨૫ | ૮૪ | ૯૯૧૩૬૧૨૨૧૦ |

### ધોરણ-૧૧ કોમર્સ (વર્ષ ૨૦૨૨-૨૩)

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | ગામ | મેમ્બરશીપ નં. | પર્સન્ટેજ | મોબાઈલ નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | હીર કૃણાલભાઈ શાહ | બોકરવાડા | ૬૦૧ | ૮૮.૪૩ | ૭૮૭૮૧૬૮૦૧૭ |
| ૨ | આંગી ભદ્રેશભાઈ શાહ | વડાવલી | ૮૯૫ | ૮૬ | ૯૮૨૫૬૪૬૩૬૦ |

### ધોરણ-૧૨ કોમર્સ (વર્ષ ૨૦૨૨-૨૩)

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | ગામ | મેમ્બરશીપ નં. | પર્સન્ટેજ | મોબાઈલ નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | યશ જીગરભાઈ શાહ | ભાલક | ૧૦૩૫ | ૯૦ | ૯૯૦૯૨૬૯૫૭૯ |
| ૨ | ત્વીશા રીતેશભાઈ શાહ | મણુંદ | ૧૦૮૮ | ૮૮.૨૮ | ૯૮૨૪૫૪૮૯૨૪ |

# શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

## નીચે જણાવેલ વિદ્યાર્થીઓ ૨૦૨૨-૨૩માં ઈનામને પાત્ર બને છે.

**ધોરણ-૧૨ (સાયન્સ) (વર્ષ ૨૦૨૨-૨૩)**

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | ગામ | મેમ્બરશીપ નં. | પર્સન્ટેજ | મોબાઈલ નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | હીર નીશાન્તભાઈ શાહ | પાલજ | ૯૦૮ | ૭૭.૮૫ | ૯૦૯૯૦૨૩૩૪૯ |
| ૨ | નમ્યાભાઈ પ્રણવ શાહ | ઉનાવા | ૮૮૩ | ૭૬ | ૯૮૨૫૪૪૦૪૪૦ |

**બી. કોમ (વર્ષ ૨૦૨૨-૨૩)**

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | ગામ | મેમ્બરશીપ નં. | પર્સન્ટેજ | મોબાઈલ નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | વર્ધન નીહારભાઈ શાહ | ભાન્ડુ | ૧૧૪૩ | ૭૯.૯૩ | ૯૯૭૯૪૭૩૦૫૦ |

**બી.બી.એ. (વર્ષ ૨૦૨૨-૨૩)**

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | ગામ | મેમ્બરશીપ નં. | પર્સન્ટેજ | મોબાઈલ નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | યશ્વી મનીષકુમાર શાહ | લણવા | ૭૪૬ | ૬.૪૨ | ૯૮૨૫૭૦૦૫૦૫ |

**એમ.બી.એ. (વર્ષ ૨૦૨૨-૨૩)**

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | ગામ | મેમ્બરશીપ નં. | પર્સન્ટેજ | મોબાઈલ નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | રીધ્ધી સુહાગભાઈ શાહ | મણુંદ | ૮૧૭ | ૭૦.૮૬ | ૯૯૨૫૭૦૩૪૭૮ |

**બેચલર ઓફ એન્જી. ઈન ઈલેક્ટ્રોનીક્સ એન્ડ કોમ્યુનીકેશન એન્જી. (વર્ષ ૨૦૨૨-૨૩)**

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | ગામ | મેમ્બરશીપ નં. | પર્સન્ટેજ | મોબાઈલ નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | પાર્શ્વા વિશાલકુમાર શાહ | પીંઢારપુરા | ૯૬૫ | ૮.૨૭ | ૯૪૨૮૯૯૭૯૮૦ |

**બેચલર ઓફ એન્જી. ઈન ઈન્ફોર્મેશન ટેક. (વર્ષ ૨૦૨૨-૨૩)**

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | ગામ | મેમ્બરશીપ નં. | પર્સન્ટેજ | મોબાઈલ નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | અગમ સંદીપભાઈ શાહ | વડાવલી | ૭૩૯ | ૮.૨૯ | ૯૮૯૮૦૯૬૫૫૪ |

**એલ.એલ.બી. (વર્ષ ૨૦૨૨-૨૩)**

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | ગામ | મેમ્બરશીપ નં. | પર્સન્ટેજ | મોબાઈલ નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | દર્શીન જીતેન્દ્રકુમાર શાહ | બોરીયાવી | ૩૫ | ૫૭.૯ | ૯૮૨૪૦૪૮૪૯૧ |


**બી. ફાર્મ (વર્ષ ૨૦૨૨-૨૩)**

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | ગામ | મેમ્બરશીપ નં. | પર્સન્ટેજ | મોબાઈલ નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | મીત સચીનકુમાર શાહ | ગાંભુ | ૫૫૮ | ૭.૬૯ | ૮૦૦૦૫૫૧૭૫૮ |


**એમ. ઓફ ડેન્ટલ સર્જરી (વર્ષ ૨૦૨૨-૨૩)**

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | ગામ | મેમ્બરશીપ નં. | પર્સન્ટેજ | મોબાઈલ નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | હેલી તુષારભાઈ શાહ | ઉનાવા | ૩૯૬ | ૭૪.૧૭ | ૯૩૨૭૦૦૭૦૫૪ |

જાણે અજાણે પરમાત્માની આજ્ઞા વિરુધ્ધ
કંઈ લખાઈ ગયું હોય તો તે બદલ ક્ષમા યાચી



## મિચ્છામી દુક્કડમ્



પ્રમોદભાઈ એન. ગાંધી-સંપાદક
બકુભાઈ સી. ગાંધી-સહસંપાદક
પરિવાર પત્રિકા સંપાદક સમિતિ

બસ પોતાની જાત ઉપર
વિશ્વાસ રાખો,
એક દિવસ એવો પણ આવશે
જ્યારે ઘડીયાળ બીજાની
પણ સમય આપણો હશે.

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

### તપસ્વી બહુમાનના મુખ્ય મહેમાન


સરોજબેન મુકેશભાઈ શાહ
(ગામ-ભાલક, હાલ:અમદાવાદ)

**શ્રીમતી સરોજબેન મુકેશભાઈ શાહ**
**(ગામ-ભાલક હાલ:અમદાવાદ)**

પૂના નિવાસી ગામ-લણવા વિમળાબેન રસિકલાલ શાહની પુત્રી સ્વભાવે સરળ, નિખાલસ, ઉદારભાવના, કૌટુંબિક ભાવવાળા.

માતુશ્રી વિમળાબેનના અવસાન બાદ તેમના પિતાશ્રીને પુનાથી પોતાના ઘરે લાવી અને સેવા ચાકરી કરી હતી. સરોજબેનની હિંમતને ધન્ય છે. મુકેશભાઈ છેલ્લા ઘણા સમયથી ઘરમાં વોકરનો ઉપયોગ કરે છે. છતાં પણ તે મુકેશભાઈને અને પોતાના પિતાશ્રીને પોતાના દિકરાનાં ત્યાં ઓસ્ટ્રેલિયા લઈ ગયા હતા અને ફેરવ્યા હતા. આજના આ યુગમાં દિકરા પણ આવું કાર્ય નથી કરતાં તે આ દિકરીએ કરી બતાવ્યું.

સરોજબેન ધાર્મિક પ્રવૃત્તિમાં રંગાયેલ છે. તેમના માતા-પિતાના સંસ્કારથી ધર્મ સંસ્કારથી ખૂબ જ સારા સત્ર કાર્યો કરે છે. તેમના પિતાશ્રી પણ આચાર્ય સ્થૂલીભદ્ર મ.સા.ના પરમ ભક્ત હતા. તેમની પ્રેરણાથી તેમને ઘડપણમાં ભગવાનબેસાડી પ્રતિષ્ઠાનો લાભ લીધો છે. તેમજ બેંગલોર દેવલાલીમાં  પમ ભગવાન બેસાડી કળશનો લાભ લીધો હતો. કાર્તકી પૂનમનાં દિવસે પાલીતાણા ન જઈ શકે તે વખતે તે તેમના પિતાશ્રી અને પતિદેવ મુકેશભાઈ બન્ને ને રીક્ષામાં લઈ જઈ અને ધરણીધર શંખેશ્વર દાદાનાં બન્ને ને દર્શન કરાવી જાત્રા કર્યા જેટલો લાભ લેતા. આવી તેમની ઉદાર ધર્મ ભાવના હતી.

તેમણે તેમના જીવનકાળ દરમ્યાન અઠ્ઠાઈ, સોળ ઉપવાસ, નવપદની ઓળી, વર્ધમાન તપનો પાયો, કલ્યાણતપ, સામાયીકથી વર્ધમાન તપની ઓળી આવી ઘણી નાની મોટી તપસ્યા કરી છે. અને હાલમાં પણ કરતાં જ રહે છે.

હાલ છેલ્લા ૧૫ વર્ષથી મહિલા મંડળમાં સક્રિય રીતે સેવા આપી રહ્યા છે.

હાલમાં તેમના બન્ને દિકરા, જીગર-હિમાદ્રી, પીન્ટુ-આનલ તે પણ તેમને દરેક પ્રવૃત્તિમાં સારો સાથ અને સહકાર આપે છે.

તપસ્વી બહુમાનના મુખ્ય મહેમાન બનીને રૂા.૨૧૦૦૦/-નું દાન આપેલ છે. સમાજ પ્રત્યેની તેમની ભાવનાને બિરદાવતા જ્ઞાતિ મંડળ તેઓશ્રીના પરિવારની ભુરી ભુરી અનુમોદના કરે છે. અને આવા સત્કાર્યો કરતા રહે તેવી ભાવના વ્યક્ત કરે છે.

## બદલાયેલા સરનામા

**મુંબઈ**

**જતીન ધીરજલાલ શાહ......................................(વડાવલી)**
૯૦૨, કિષ્ના હેરીટેજ સીએચએસ લિ., ડોન બોસ્કો હાઈસ્કુલની સામે, ન્યુલીંક રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૯૧. મો.: ૯૮૬૯૩૧૩૭૩૬

**નવા આજીવન સભ્યો**

**મયંકકુમાર દિપકભાઈ પૂનમચંદ શાહ..................(મણુંદ)**
૪૭-૧, શંભુપાર્ક સોસાયટી, કિરણપાર્ક, નવાવાડજ બસ સ્ટેન્ડ પાસે, ભરવાડ ઘનશ્યામ ચુનીભાઈના મકાન, અમદાવાદ-૧૩
મો.૭૩૫૯૦૦૨૬૦૭

"દુ:ખ અને મહેનત"
મનુષ્યના જીવન માટે જરૂરી છે.
કેમકે "દુ:ખ વગર હ્રદય સાફ નથી થતું."
અને "મહેનત વગર મનુષ્યનો વિકાસ નથી થતો."

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળ, અમદાવાદ

### તપસ્વી બહુમાનના સ્વાગત પ્રમુખ


શ્રીમતી રંજનબેન પંકજભાઈ શાહ
(બોકરવાડા)

**શ્રીમતી રંજનબેન પંકજભાઈ શાહ (બોકરવાડા)**

મૂળ બોકરવાડાના વતની શ્રી પંકજભાઈ ચીનુભાઈ શાહ ના ધર્મપત્ની શ્રીમતી રંજનબેન શાહના પ્રસન્ન દાંપત્ય અને સેવાભાવી જીવનશૈલીથી જ્ઞાતિજનો સુપરિચીત છે.

શ્રી પંકજભાઈ પરિશ્રમ અને સરળ સ્વભાવના ઉમદા વ્યક્તિ છે. સંપૂર્ણ જીવન ટોરેન્ટ પાવરમાં લાંબો સયમ સેવા આપ્યા બાદ અત્યારે નિવૃત દાંપત્યજીવન જીવી રહ્યા છે. શ્રી પંકજભાઈ ચીનુભાઈ શાહના ધર્મપત્ની શ્રીમતી રંજનબેન ખૂબ જ પરિશ્રમ સાથે સરળ સ્વભાવના સંન્નારી છે. લણવા નિવાસી જયંતીલાલ મંગળદાસની દિકરી છે. પિયરમાંથી ધર્મના ઉચ્ચ સંસ્કારોનો વારસો લઈને આવેલ અને બહોળા પરિવારમાં સાકરની જેમ ભળી ગયા અને સાથો સાથ જ્ઞાતિની પ્રવૃત્તિમાં યોગદાન આપીને કાયમ અગ્રેસર રહેલ પંકજભાઈ સાથે રહીને બે છોકરાઓને ઉચ્ચ કોટીનું શિક્ષણ આપેલ છે. તેમના મોટા પુત્ર ચિ.કૌશલભાઈ એક સોફટવેર એન્જીનીયર છે. જેમના પત્ની નિકીતાબેન તેમના બન્ને બાળકોને સરસ ભણતર આપવા પ્રયાસ કરી રહ્યા છે. બીજા નાના પુત્ર ચિ. ડૉ.દિપેનભાઈ સફળ પિડિયાટ્રિશિયન છે. પોતાની હોસ્પિટલ સનશાઈનમાં કાર્યરત છે. અને તેમના ધર્મપત્ની ડૉ.ખુશાલીબેન ગાયનેક્સ સ્નેહ હોસ્પિટલમાં કાર્યરત છે.

આવા સરળ કુટુંબના મોભી એવા શ્રીમતી રંજનબેન હર-હંમેશ જ્ઞાતિમાં તેમજ મહિલા મંડળમાં ઉદાર હાથે તેમનો ફાળો આપે છે. નિખાલસ સ્વભાવના હોવાથી જ્ઞાતિની દરેક પ્રવૃત્તિઓમાં તો અચૂક  હાજર રહે છે. નાગેશ્વર યાત્રા પ્રવાસમાં પણ એ પરિવારે એક બસના દાતા તરીકેનો લાભ પણ લીધેલ છે.

તપસ્વી બહુમાનના સ્વાગત પ્રમુખ બનીને રૂા.૧૫,૦૦૦/-નું દાન આપેલ છે. સમાજ પ્રત્યેની તેમની ભાવનાને બિરદાવતા જ્ઞાતિ મંડળ તેઓશ્રીના પરિવારની ભુરી ભુરી અનુમોદના કરે છે. અને આવા  સત્કાર્યો કરતા રહે તેવી ભાવના વ્યક્ત કરે છે.

જૈનોના તહેવારમાં સર્વોપરી એવા
પર્યુષણ પર્વે મન-વચન-કાયાથી
જાણતા-અજાણતા કોઈને કોઈપણ જાતનું
દુ:ખ થયેલ હોય તો સૌને મિચ્છામિ દુક્કડમ્
-શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ
-શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી મહિલા જ્ઞાતિ મંડળ, અમદાવાદ

વિનોદનાં મમ્મી આજે છેલ્લો શ્વાસ લઈ રહ્યા હતા, વિનોદભાઈ અને તેમના મમ્મી દવાખાનામાં હતા. એમની મમ્મીની ઉંમર પંચોતેર વર્ષની આસપાસ હતી. એમને છેલ્લા શ્વાસ લેતા વિનોદભાઈને કહ્યું બેટા મારી ભજનની ચોપડીમાં એક ચિઠ્ઠી મુકેલી છે. મારું તેરમું પતી જાય પછી શાંતિથી વાંચી લેજે. એક વાત જે તને ક્યારે થઈ નથી, એ તેમાં છે. બોલતા બોલતા મમ્મી મૃત્યુ પામ્યા. વિનોદભાઈ ખૂબ રડવા લાગ્યા. એમને એમની મમ્મી જોડે વધારે લગાવ હતો. એમને મમ્મીનાં મૃત્યુનો ખૂબ આઘાત લાગે છે. વિનોદભાઈની ઉંમર પિસ્તાલીસ વર્ષ હતી પણ એ એમની મમ્મી ને એક નાના છોકરા જેવો જ પ્રેમ કરતા હતા...

બારમું તેરમું પૂરું થઈ ગયું. મમ્મીની બધી વિધિ પૂરી થઈ ગઈ, બધા મહેમાનો પણ જતા રહ્યા. મમ્મી એ કહેલી વાત વિનોદભાઈનાં મગજમાં ફર્યા કરતી હતી. એ રાત્રે એમના મમ્મીની ભજનની ડાયરી લીધી અને એમાં મુકેલી ચિઠ્ઠી કાઢી. એમાં ઉપર લખેલું હતું. વિનોદ તારી પત્ની અને સંતાનો સાથે આ પત્ર વાંચજે... પત્ર દેખીને લાગતું હતું કેટલાય વર્ષો પહેલા આ પત્ર લખાયેલો છે. કાગળ એકદમ જૂનો જૂનો થઈ ગયો હતો.

વિનોદભાઈએ પત્ની અને બાળકોને એક રૂમમાં ભેગા કર્યા અને મમ્મીની છેલ્લી ઈચ્છા જણાવી અને એની પત્નીને કહ્યું, તું આ પત્ર વાંચવાની શરૂઆત કર... પત્ની પત્ર વાંચવાનું ચાલુ કરે છે...

વિનોદ આ પત્ર એટલા માટે લખું છું કે તારા પપ્પાએ મને જીવતાજીવ તને કંઈ પણ કહેવાની મનાઈ કરી હતી, એટલે હું જ્યારે પણ મૃત્યુ પામુ ત્યારે હું તને કંઈક જણાવવા માંગુ છું. આજે જ્યારે હું આ લખું છું ત્યારે તારા પપ્પાને મૃત્યુ પામ્યે એક મહિનો થઈ ગયો છે. તારા અને પપ્પાના સંબંધો ક્યારે પણ સારા નથી રહ્યા. નાનપણથી જુવાની સુધી તેમની અને તારી વચ્ચે મતભેદ અને પછી મનભેદ થઈ, તને કાયમ એવું લાગતું હતું પપ્પા તને સમજતા નથી અને એમને એવું લાગતું કે તું એમને સમજતો નથી અને તમારા બંનેની વચ્ચે હું પીસાતી હતી, તારા પપ્પા થોડા ગુસ્સાવાળા હતા પણ ખૂબ પ્રેમાળ હતા એ એમની લાગણી ક્યારે પણ જાહેર નહતા કરતા પણ તને અને તારી બહેનને ખૂબ પ્રેમ કરતા હતા. તને મારી માયા વધારે હતી એટલે જ્યારે પણ તને પૈસા કે કોઈ પણ જરૂર હોય તો મારા થકી એ કામ પૂરા કરતા તારી દરેક જરૂરિયાતનો પાયો તારા પપ્પાનો છે.

બેટા, આ બધી વાત તો ઠીક છે. આ બધું તો દરેક મા-બાપ કરતા હોય છે પણ તારી જિંદગીની એક ખૂબ મહત્ત્વની વાત જે મારા સિવાય બીજા કોઈને ખબર નથી એ તને આજે જણાવું છે. બેટા તારા મેરેજ થયાં થોડા સમય પછી ક્યારે પણ તું અને તારા પપ્પાએ સાથે રહેવાનું છોડી દીધું, એમાં તારી પત્નીનો કોઈ વાંક નથી પણ તારો અને તારા પપ્પાના મનમાં રહેલો મનભેદ હતો, બેટા તને યાદ હશે આજથી એક વર્ષ પહેલા તારું અને તારી પત્નીનો ખૂબ મોટો અકસ્માત થયો હતો અને તું અને તારી પત્ની બંને આઈસીયુમાં જિંદગી અને મરણ વચ્ચે ઝોલા ખાતા હતા. તારી પત્નીની હાલત વધારે ખરાબ હતી અને એને પેટમાં ખૂબ વધારે વાગ્યું હતું અને એની બંને કિડની ડેમેજ થઈ હતી. એના જીવવાના ચાન્સ ખૂબ ઓછા હતા. એને તાત્કાલિક કોઈ કિડની ડોનેટ કરે તેવી વ્યક્તિની જરૂર હતી. તું બેભાન હતો. તને આ બધી વાતોની કોઈ ખબર નહતી, ડૉક્ટરે બધાના સેમ્પલ લીધા તો તારા પપ્પાની કિડની મેચ થઈ ગઈ...




વિનોદભાઈની પત્નીએ વાંચવાનું બંધ કરી નાખ્યું અને રડતા રડતા બોલી હું નથી વાંચવાની, તમે વાંચો...

વિનોદભાઈ કઠણ કાળજે આગળ વાંચવાનું ચાલુ કરે છે, તારા પપ્પાની કિડની મેચ થઈ ગઈ. તારા પપ્પા તારી પત્નીને કિડની આપવા તૈયાર થઈ ગયા પણ મેં એમને એમ કરવા માટે ના કહ્યું. એમને પહેલેથી એક કિડનીમાં તકલીફ હતી અને જો સારી કિડની ડોનેટ કરશે તો એમની હાલત વધારે બગડશે, પણ એમણે મારી વાત ના માની અને મને કહ્યું, તું હમણાં મારી ચિંતા ના કરીશ. પણ મારા છોકરાની ચિંતા કર, એની પત્નીને જો કંઈ થઈ જશે તો એને તો હજુ આખી જિંદગી કાઢવાની છે એના બે નાના નાના છોકરા છે. મારો વિનોદ બિચારો શું કરશે...?

વિનોદભાઈની આંખોમાંથી આંસુ સરી પડે છે અને મનમાં ડુમો ભરાય જાય છે. એમનો પંદર વર્ષનો દીકરો પત્ર પોતાના હાથમાં લઈને આગળ વાંચવાનું ચાલુ કરે છે...

તને તો ખબર છે હું મારા વિનોદને કેટલો પ્રેમ કરું છું તો પછી એ પ્રેમ ખાતર પણ મારે એની પત્નીને કોઈ પણ ભોગે બચાવવી છે, મારે અને વિનોદને ક્યારે પણ બનતું નથી પણ એનો મતલબ એ નથી કે પિતા હોવાનું કર્તવ્ય ભૂલી જાવ અને આ વાત માટે મારા દીકરાને મારે સહાનુભૂતિ નથી જોઈતી, મારો દીકરો ખૂબ મજબૂત છે એટલે તું આજે મને એક વચન આપ કે મારા કે તારા મૃત્યુ સુધી વિનોદને આ વાત કોઈ જણાવશે નહિ. મારે મારા દીકરાને મારા અહેસાનનાં ભાર નીચે નથી રાખવો અને આપણે તો મા-બાપ છીએ. આપણે તો આપણા સંતાનો માટે અહેસાન બતાવ્યા વગર કંઈક ને કંઈક કરવું જ જોઈએ.

તારા પપ્પાએ મારી વાત ના માની અને તારી પત્નીને કિડની આપી. આ વાત ડૉક્ટર અને મારા સિવાય કોઈને ખબર નથી, તને પણ આ વાતની ક્યારેય પણ ખબર ના પડવા દીધી, કિડની ડોનેટ થયા પછી તારા પપ્પાની તબિયત બગડવા લાગી અને થોડા દિવસમાં એ મૃત્યુ પામ્યા. પણ તું એ સમયે પણ પપ્પાની ખબર જોવા સિવાય ક્યારેય પણ ઘરે ના આવ્યો. તને તો એ પણ ખબર ન હતી કે તારા પપ્પાનું મૃત્યુ એક કિડની ફેલ થવાથી થયું છે, પણ બેટા મને આ કોઈ વાતનો અફસોસ નથી પણ તું તારા પપ્પાની આખી જિંદગી નિંદા કરે કે એમને પ્રેમ ના કરે એ મારાથી દેખાતું ન હતું એટલે આજે હું આ લખું છું... જ્યારે તું આ વાંચે છે ત્યારે હું પણ મૃત્યુ પામી છું. તારા પપ્પા તને ખૂબ પ્રેમ કરતા હતા. એટલું જ મારે તને કહેવું હતું અને દરેક મા-બાપ પોતાના સંતાનોને પ્રેમ કરે છે. ક્યારેક કોઈ વાતનો વિરોધ થાય કે મતભેદ થાય તો પણ પ્રેમ ઓછો થતો નથી.

તારા પપ્પા મને કાયમ કહેતા કે પિતાના પ્રેમને સમજવા પિતા બનવું પડે. મારો વિનોદ પિતા બનશે ત્યારે મારા પ્રેમને પણ સમજી જશે...

બેટા તું અને તારો પરિવાર સુખી રહે એજ મારી અને તારા પપ્પાની પ્રાર્થના...

લી. તારી મમ્મી

વિનોદભાઈનો દીકરો અને દીકરી ચૂપ ચાપ પપ્પાને જોઈ રહ્યા હતા. એમના મૌનમાં જાણે એક સવાલ હતો આવું કેવું પપ્પા???

વિનોદભાઈને કાપે તો યે લોહી ના નીકળે તેવી હાલત હતી, એમની હાલત તો હવે પસ્તાવો પણ કોની જોડે કરે માતા કે પિતા કોઈ હાજર ન હતું.

વિનોદભાઈ ઘરમાં મંદિર પાસે જાય છે અને બે હાથ જોડીને રડવાનું ચાલુ કરે છે એ કંઈ બોલી શકવાની હાલતમાં નહતા. વિનોદભાઈનો દીકરો એમની પાસે આવે છે અને કહે છે પપ્પા હું તમારું ધ્યાન આખી જિંદગી રાખીશ. તમે મને લડશો કે પછી આપણાં બેય વચ્ચે કોઈ મતભેદ થશે તો પણ...

હું આજે મારા દાદાની વાત પરથી સમજી ગયો છું કે એક પિતા શું કરી શકે છે...

વિનોદભાઈ પોતાના પુત્રને ગળે લગાવીને મનભરીને રડ્યા કરે છે...

# ઋણ સ્વિકાર





અમારા આત્મિય સ્વજન-ચક્ષુદાતા

## સુરેન્દ્રભાઈ નવનીતલાલ ગાંધી

તા.૨૬-૦૮-૨૦૨૩ના રોજ અરિહંતશરણ પામ્યા......

સદ્‌ગતને શ્રધ્ધાંજલિ પાઠવનાર અને

અમારા આ દુ:ખમાં સહભાગી થઈ અમોને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે

દિલસોજી પાઠવનાર સૌનું ઋણ સ્વીકારી આભાર માનીએ છીએ.

## કાન્તાબેન નવનીતલાલ ચીમનલાલ ગાંધી (રણુંજ) પરિવાર

ભાવના સુરેન્દ્રભાઈ ગાંધી
આકાશ એસ. ગાંધી
મિરલ એ. ગાંધી
પ્રાંશ

પ્રમોદ એન. ગાંધી
કૈલાસ પી. ગાંધી
મનિષ પી. ગાંધી
કલ્કી એમ. ગાંધી
યશ્વી-ઓમ

વિક્રમ એન. ગાંધી
અંજના વિ. ગાંધી
સાગર વિ. ગાંધી
મેઘા એસ. ગાંધી
જિનાંશ

'નવકાન્ત પરિવાર' ૧, સિધ્ધાર્થ સોસાયટી, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

ફર્મ : પી. ગૌતમ એન્ડ કું. - સિદ્ધાર્થ પ્રિન્ટરી

# હૃદયસ્થ શ્રદ્ધાંજલિ



**સ્વ.કિરણકુમાર બાબુલાલ શાહ**

(બોકરવાડા – હાલઃ અમદાવાદ)

જ.તા.૧૩-૧૦-૧૯૫૫ સ્વ.૧૬-૦૮-૨૦૨૩

એક સત્પુરૂષ, સખા સમ સાળાની ચિરવિદાય કોઈપણ સમયે અસહ્ય બની રહે છે. વિરાટ વૃક્ષની શીતળ છાયા સમાન એક વ્યક્તિત્વની ગેરહાજરીથી અમે જે શૂન્યાવકાશ અનુભવીએ છીએ, એ શબ્દાતીત છે. અમે સૌ ક્ષુબ્ધ છીએ!

અદભુત શ્રાવક બનીને આપે તો જીવનને સંપૂર્ણ સાર્થકતા બક્ષી. નાની વયે જ શ્રાવક ધર્મ નિભાવીને આપે સર્વ સુકૃતો પરિપૂર્ણ કર્યા. મિતભાષી, અજાતશત્રુ  અને એક પ્રેમાળ વ્યક્તિત્વરૂપે આપ સૌને પ્રરિત કરતા રહ્યા. સંસારમાં રહી આપ સાધુ જેવું જીવન જીવ્યા એ હંમેશા અમારી નજર સમક્ષ રહેશે.

જીવનની પ્રત્યેક ક્ષણે નિસ્પૃહતા અને સમતાભાવ કેળવીને આપે જીવનને જે ઉંચાઈ બક્ષી એ સૌ કોઈ માટે એક આદર્શ  દ્રષ્ટાંત બની રહેશે. ચંદ્રમાં જેવું શીતલ અને સૌમ્ય જીવન જીવી જનાર આપ અમારા સૌના અંતરને હંમેશા શીતળતા આપતા રહો એવી પ્રાર્થના સહ આપના સહૃદયી...

## માતૃશ્રી કમળાબેન અમૃતલાલ સુરચંદ શાહ પરિવાર (મોટપ)

મહેન્દ્ર અમૃતલાલ શાહ
અરૂણા મહેન્દ્રકુમાર શાહ

શ્રેણીક મહેન્દ્ર શાહ
બિંદી શ્રેણીક શાહ
હીર-ફેયા

પિનલ કૌશલકુમાર શાહ (દેલોલી)
કૌશલકુમાર રજનીકાંત શાહ
શર્વિલ-જૈનિલ

એ/૧૧, દેવદિપનગર, ઓલ્ડ પાદરા રોડ, વડોદરા | મો.નં.: ૯૯૯૮૨ ૧૬૫૩૭

# હાર્દિક શ્રધ્ધાંજલિ



**સ્વ.કિરણકુમાર બાબુલાલ શાહ**

(બોકરવાડા – હાલઃ અમદાવાદ)

જ.તા.૧૩-૧૦-૧૯૫૫ સ્વ.૧૬-૦૮-૨૦૨૩

**અમાવાસ્યની અંધારી રાત્રીએ અવકાશમાંથી એક ચંદ્ર ક્યાંક અદ્રશ્ય થઇ ગયો. એ ચંદ્રમાં ફરી જરૂર દ્રશ્યમાન થશે જ, પરંતુ અમારા પારિવારિક આકાશમાંથી અદ્રશ્ય થયેલો અમારો ચંદ્ર હવે કાયમી અદ્રશ્ય થયો છે.**

**પિતારૂપી ચંદ્રની શીતળતા અમે હવે ક્યાંથી પામીશું? એના પ્રકાશથી જ પ્રકાશમાન અમે સૌ સંતાનો હવે જાણે કે કોઈ ઊંડા અંધકારમાં પ્રવેશી ચુક્યા હોય એવું લાગે છે! એમની ગેરહાજરી શબ્દાતીત છે. પિતા ક્યારેય વ્યક્ત થતા નથી. એટલે એમના વિષે ઓછું લખાય છે. પિતા વ્યક્ત નહિ, વ્યસ્ત હોય છે.**

**એ વ્યસ્ત હોય છે, એમના સંતાનોના ભાવિ માટે, એમના પરિવારજનો માટે, અમારા ઉછેર માટે, અમારા આંતરિક અને બાહ્ય વિકાસ માટે પિતા તરીકે આપે જે પરિશ્રમ ઉઠાવ્યો એ સાચે જ કલ્પનાતીત છે.**

**એક શ્રાવકને શોભે એવું ધાર્મિક જીવન જીવીને આપે અમને જૈન ધર્મની કેડી પર મૂકી આપ્યા. એ કેડી પર ઉભા રહીને અમે આપને શત્ શત્ નમન કરીએ છીએ. બસ, આપના જેવું ઉદાત્ત, પરોપકારી, સમાનતાપૂર્ણ, સદાચારી જીવન અમને પ્રાપ્ત થાઓ એવી પ્રાર્થના સહ આપના સૌ પરિજનો...**

## બાબુલાલ ચુનીલાલ શાહ પરિવાર

ગં.સ્વ દીપિકાબેન કિરણકુમાર શાહ

વરૂણ કિરણકુમાર શાહ
રૂચિ વરૂણ શાહ
કશ્વી –શૌર્ય


બીજલ મૌલિકકુમાર શાહ (તરભ)
મૌલિકકુમાર કીર્તીકુમાર શાહ
જૈનમ–કવીશ

અરૂણાબેન મહેન્દ્રકુમાર શાહ(મોટપ)

બી/૨૦૭, બ્રહ્માનંદ ફ્લેટ, જૈન મર્ચન્ટ, પાલડી, અમદાવાદ | મો.નં.: ૯૯૯૮૯ ૭૯૯૨૪

**શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિમંડળ, અમદાવાદ**

## હાર્દિક શ્રધ્ધાંજલિ



શ્રી ભરતભાઈ રતીલાલ શાહ
(ઉનાવા, અમદાવાદ)

અમદાવાદ જ્ઞાતિમંડળના સભ્ય તથા શિક્ષણ સમિતિ અને સાધર્મિક સહાય સમિતિમાં સેવા આપનાર તેમજ અગાઉ કૃષ્ણનગર જ્ઞાતિ મંડળના કાર્યકર અને પ્રમુખ તરીકે જેમણે ઘણી સેવા આપેલી એવા શ્રી ભરતભાઈ રતીલાલ શાહનું (ઉનાવા, અમદાવાદ) તા.૧૬-૮-૨૩ના રોજ દુ:ખદ અવસાન થયું. તેમને જે પણ કામગીરી સોંપવામાં આવતી તે, તેઓ નિષ્ઠાપૂર્વક નિભાવતા. પરમાત્મા તેમના આત્માને પરમ શાંતિ આપે તેવી અમદાવાદ જ્ઞાતિમંડળ પ્રાર્થના કરે છે અને શ્રધ્ધાંજલિ અર્પણ કરે છે.



શ્રી કિરણભાઈ બાબુલાલ શાહ
(બોકરવાડા-અમદાવાદ)

અમદાવાદ જ્ઞાતિમંડળની સમ્યક્ પ્રસાર નિધિમાં સેવા આપનાર તથા ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિઓમાં સક્રિય રહેતા શ્રી કિરણભાઈ બાબુલાલ શાહનું (બોકરવાડા-અમદાવાદ)નું તા.૧૬-૮-૨૩ના રોજ દુ:ખદ અવસાન થયું. પરમાત્મા તેમના આત્માને પરમશાંતિ આપે તેવી પ્રાર્થના.


**શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિમંડળ, અમદાવાદ**
**શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળ, અમદાવાદ**

## શું વેચીને તને ખરીદુ "જિંદગી"

મારુ તો બધુ જ ગીરવી પડ્યું છે.
જવાબદારીના બજાર માં!! દિલનો નેક છું સાહેબ...
"શરારત" કરું છું સૌની સાથે પણ "સાજિશ" નહિ
સ્વાદ અલગ છે મારા શબ્દનો...
ઘણાને સમજાતો નથી તો ઘણાને ભૂલાતો નથી...!!!
રોજ સાંજે, સુરજ નહિ પણ...
આ અણમોલ જિંદગી... ઢળતી જાય છે. !!!
આંસુને ક્યાં હોય છે કોઈ વાણી...
સમજો તો મોતી, ન સમજો તો પાણી... !!!
સહન કરવાની આવડત હોય તો મુસીબતમાંય રાહત છે,
હૃદય જો ભોગવી જાણે તો દુ:ખ પણ એક દોલત છે... !!!
એકાંત ને ઓગાળી ઓગાળી તેમા વ્યસ્ત રહુ છું,
માણસ છું મુરઝાઉ છું તોયે મસ્ત રહુ છુ...!!!
આંખોમાં વસનારા જ રડાવી જાય છે....
દસ્તુર તો જુઓ આ દુનિયાનો
પોતાનાં, મો ચડાવી બેઠાને પારકા હસાવી જાય છે....
મા-બાપનો વારસો સંભાળો એને સંસ્કાર કહેવાય,
પણ વારસાની સાથે મા-બાપને સંભાળો તો સંસ્કારી કહેવાય.
ફિક્કા ચહેરાઓની, ડોક્ટરે લોહીની તપાસ કરાવી....
રિપોર્ટમાં આવ્યું, સંબંધોની ઊણપ છે....

**શ્રી કૃષ્ણનગર જૈન દશાશ્રીમાળી સુડતાલીસ જ્ઞાતિ મિત્રમંડળ, અમદાવાદ દ્વારા**

**સ્વ. ભરતભાઈ રતિલાલ શાહને**
**ભાવભીની હાર્દિક શ્રધ્ધાંજલિ સહ સ્મૃતિવંદના**



શ્રી ભરતભાઈ રતીલાલ શાહ (ઉનાવા, અમદાવાદ)
સ્વ. તા.૧૬-૦૮-૨૦૨૩

ફૂંક મારીને દીવાને ઓલવી શકાય, અગરબત્તીને નહી,
જે સુગંધ ફેલાવે છે, તેને કોઈ ઓલવી શકતું નથી.

શ્રી ભરતભાઈ રતિલાલ શાહ (ઉનાવા-અમદાવાદ)નું તા.૧૬-૦૮-૨૦૨૩ને બુધવારના રોજ દુ:ખદ અવસાન થયું છે. કૃષ્ણનગર જ્ઞાતિ મંડળ ગંભીર-ઘેરા દુ:ખની લાગણી સાથે શ્રધ્ધાંજલિ અર્પણ કરે છે.

સરળ, સાદી અને પવિત્ર જીવનશૈલી અને સમાજસેવા જેમનો જીવનમંત્ર રહ્યો તેવા શ્રી ભરતભાઈએ આપણા મંડળમાં મંડળની સ્થાપનાથી માંડીને પચ્ચીસ (૨૫) વર્ષ સુધી પ્રમુખ-ઉપપ્રમુખ અને માનદ્‌મંત્રી જેવા મહત્વના હોદ્દાઓ ઉપર રહી અણમોલ સેવાઓ આપી સૌના હૃદયમાં એક આગવું/અનોખું સ્થાન પ્રાપ્ત કરી લોકપ્રિય બન્યા હતા. સાથે સાથે મોટા મંડળમાં પણ તેમની સેવાઓ નોંધપાત્ર રહી હતી.

કહેવાય છે ને "યોગી નહી પણ ઉપયોગી બનો" તેઓ યોગી નહીં પણ કર્મયોગી બનીને સમગ્ર પરિવાર અને આપણા મંડળનું કાર્ય હસમુખા વદને કરતા રહ્યા. આપણા મંડળ દ્વાર ચાલતી તમામ પ્રવૃત્તિઓમાં સદાય જાગૃત રહીને નોંધપાત્ર સેવા આપી અગ્રેસર રહ્યા. સ્વભાવે સરળ, શાંત હોઈ તેમનું વ્યક્તિત્વ હંમેશા સૌને આકર્ષતું હતું.

આ બધા સમાજલક્ષી કાર્યો કરવામાં તેમના સહધર્મચારીણી સ્વ.અંજુબેન અને સુપુત્રો ચિરાગ-સચિન તેમજ પુત્રવધુઓ પણ હરહંમેશ સહભાગી રહ્યા.


એમનો નશ્વર દેહ આપણી વચ્ચે નથી પરંતુ એમણે કરેલા સુકૃત્યોની જે સુગંધ/સુવાસ છે, તે મહેંકતી છે અને મહેંકતી રહેવાની છે, કહેવાય છે ને,

જો લોગ સમાજ સેવાકા મોલ સમજતે હૈ,
સમાજ ઉન્હે અનમોલ બના દેતે હૈ.

પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને ચિર:શાંતિ અર્પે અને ભવોભવ જિનશાસનનું શરણું મળે તેવી અમારી નમ્ર પ્રાર્થના છે. સાથે સાથે પરિવાર ઉપર આવી પડેલ અસહ્ય આઘાતને સહન કરવાની શક્તિ પણ આર્પે તેવી નમ્ર પ્રાર્થના છે.

લિ.
પ્રમુખ/કારોબારી સમિતિ/સલાહકાર બોર્ડ
શ્રી કૃષ્ણનગર જૈન દશાશ્રીમાળી સુડતાળીસ જ્ઞાતિ મિત્ર મંડળ, અમદાવાદ.

# શ્રધ્ધાંજલિ



## સ્વ. કિરણકુમાર બાબુલાલ શાહ

(બોકરવાડા • હાલ:અમદાવાદ)

જન્મ તા.૧૩-૧૦-૧૯૫૫ - સ્વ.તા.૧૬-૦૮-૨૦૨૩

જીવન એવું જીવ્યા કે સૌ યાદ કરે, કર્મ સદા એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે, દુઃખ ને દેખાડયું નહિ અને સુખને છલકાવ્યું નહિ, ધર્મ કદી ભૂલ્યા નહિ, સુખ-દુઃખમાં સદાય હસતા રહ્યા. આપનો પરગજુ, મિલનસાર, કુટુંબ પરાયણ અને લાગણીશીલ સ્વભાવ સદાય અમારા હૃદયમાં જીવંત રહેશે.

### તરુલતાબેન સેવંતીલાલ શાહ (ભાલક) પરિવાર

રીટા જયેન્દ્રકુમાર શાહ
જયેન્દ્રકુમાર ચંદુલાલ શાહ
બોકરવાડા-અમદાવાદ

વર્ષા નરેશકુમાર શાહ
નરેશકુમાર સુંદરલાલ શાહ
ઉનાવા-અમદાવાદ

હિના હિતેશકુમાર શાહ
હિતેશકુમાર કાંતીલાલ શાહ
મોટેરા-સુરત


શૈલા પ્રદિપકુમાર શાહ
પ્રદિપકુમાર સેવંતીલાલ શાહ
મોટેરા-અમદાવાદ

મીના ચેતનકુમાર શાહ
ચેતનકુમાર રમેશભાઈ શાહ
પીંઢારપુરા-અમદાવાદ

# અવસાન-શ્રધ્ધાંજલિ



**ચંદ્રિકાબેન મફતલાલ પટવા**
ગામ : ભાલક
હાલ : અમદાવાદ
સ્વ. તા.૧૧-૦૮-૨૦૨૩, શુક્રવાર



**ભરતભાઈ રતિલાલ શાહ**
ગામ : ઉનાવા
હાલ : અમદાવાદ
સ્વ. તા.૧૬-૦૮-૨૦૨૩, બુધવાર



**કિરણકુમાર બાબુલાલ શાહ**
ગામ : બોકરવાડા
હાલ : અમદાવાદ
સ્વ. તા.૧૬-૦૮-૨૦૨૩, બુધવાર



**જશવંતલાલ મંગળદાસ શાહ**
ગામ : દેલોલી
હાલ : દહિસર, મુંબઈ
સ્વ. તા.૧૭-૦૮-૨૦૨૩, ગુરુવાર



**ઉર્મિલાબેન મહેન્દ્રકુમાર શાહ**
ગામ : બોદલા
હાલ : મહેસાણા
સ્વ. તા.૨૦-૦૮-૨૦૨૩, રવિવાર



**મંજુલાબેન ચીનુભાઈ શાહ**
ગામ : ઉનાવા
હાલ : રાજકોટ
સ્વ. તા.૨૫-૦૮-૨૦૨૩, શુક્રવાર



**સુરેન્દ્રકુમાર નવનીતલાલ ગાંધી**
ગામ : રણુંજ
હાલ : અમદાવાદ
સ્વ. તા.૨૬-૦૮-૨૦૨૩, શનિવાર



**નીલાબેન કિરીટભાઈ શાહ**
ગામ : મોઢેરા
હાલ : વડોદરા
સ્વ. તા.૨૭-૦૮-૨૦૨૩, રવિવાર

**આ દિવંગત આત્માઓને પ્રભુ શાંતિ આપે તેવી પ્રાર્થના**

## એક પ્રેરણાત્મક વાત

જેમ જેમ હું મોટો થતો ગયો તેમ તેમ હું સમજી ગયો કે જો હું રૂ.૩૦૦ની ઘડિયાળ પહેરું કે રૂ.૩૦૦૦૦ની બંને સમય તો સમાન બતાવશે.

મારી પાસે રૂ.૩૦૦ની બેગ હોય અથવા રૂ.૩૦૦૦૦ની તેની અંદર વસ્તુઓ કે સામગ્રીમાં કોઈ ફેરફાર થશે નહીં.
હું ૩૦૦ વારના ઘરમાં રહું કે ૩૦૦૦ વારના ઘરમાં એકલતાનો અહેસાસ સરખો જ હશે.
અંતે મને એ પણ ખબર પડી કે જો હું બિઝનેસ ક્લાસમાં મુસાફરી કરું કો ઈકોનોમી ક્લાસમાં મારા મુકામ પર તો તે જ નક્કી સમય પર પહોંચીશ.

એટલા માટે તમારા બાળકોને ખૂબ સમૃદ્ધ કે સુખી બનવા માટે પ્રોત્સાહિત કરશો નહીં પરંતુ તેમને કેવી રીતે ખુશ રહેવું તે શીખવો અને જ્યારે તેઓ મોટા થાય ત્યારે વસ્તુઓનું મહત્ત્વ જુએ, તેમની કિંમત નહીં. ફ્રાંસના એક વાણિજ્ય મંત્રીનું કહેવું હતું કે બ્રાન્ડેડ વસ્તુઓ વેપાર જગતનું સૌથી મોટું જૂઠાણું છે, જેનો સાચો હેતુ ધનિકોના ખિસ્સામાંથી પૈસા કઢાવવાનો છે, પરંતુ ગરીબ અને મધ્યમ વર્ગના લોકો એનાથી ખૂબ પ્રભાવિત થાય છે.

શું તે જરૂરી છે કે હું આઈફોન હંમેશાં સાથે લઈ ફરું જેથી લોકો મને સમજદાર અને બુદ્ધિશાળી માને??

શું તે જરૂરી છે કે હું રોજ Mac'd અથવા KFC પર ખાઉં જેથી લોકોને એવું ન લાગે કે હું કંજુસ છું?

શું તે જરૂરી છે કે હું દરરોજ ડાઉનટાઉન કાફેની મુલાકાત લઈને મિત્રો સાથે બેસું, જેથી લોકો સમજે કે હું એક ઉમદા પરિવારમાંથી છું??

શું તે જરૂરી છે કે હું કરક ગૂચી, Lacosta, Adidas અથવા નાઈકી પહેરું જેથી લોકો મને High Status નો કહે??
શું જરૂરી છે કે હું દરેક બાબતમાં બે કે ચાર અંગ્રેજી શબ્દોનો બોલવામાં સમાવેશ કરું જેથી મને સંસ્કારી કહી શકાય...??

શું એ જરૂરી છે કે હું એડેલ કે રીહાન્નાને સાંભળીને સાબિત કરું કે હું મોટો થયો છું??
ના મિત્રો !!

મારા કપડા સામાન્ય દુકાનોમાંથી ખરીદવામાં આવે છે. હું પણ મિત્રો સાથે ઢાબા પર બેસી જાઉં છું. જો તમને ભૂખ લાગે તો લારી કે રેંકડીમાંથી ખાવાનું લેવામાં પણ કોઈ તેને અપમાન માનતું નથી.

હું મારી સરળ ભાષામાં બોલું છું.
જો હું ઈચ્છું તો ઉપર લખેલું બધું કરી શકું છું.
પણ

મેં એવા લોકોને પણ જોયા છે કે જેઓ બ્રાન્ડેડ જૂતાની જોડીના ખર્ચ જેટલા રૂપિયામાં આખા અઠવાડિયાનું રાશન મેળવી શકે છે.

મેં એવા પરિવારો પણ જોયા છે કે જેઓ મેકડોનાલ્ડના બર્ગરના ખર્ચમાં આખા ઘરનો એક દિવસનો ખોરાક રાંધી શકે છે.

મને હવે સમજાયું કે ખૂબ બધા રૂપિયા જ સર્વસ્વ નથી, રૂપિયા જીવન જીવવા માત્ર જરૂરી છે પણ એક માત્ર જરૂરિયાત નથી. જેઓ કોઈના બાહ્ય દેખાવ કે સ્થિતિના આધારે કિંમત લગાવે છે, તેમને તરત જ તેમની સારવાર કરાવવી જોઈએ.

માનવીય મૂળનું વાસ્તવિક મૂલ્ય તેની નૈતિકતા, વર્તન, સામાજિકતાની રીત, સહાનુભૂતિ અને ભાઈચારો છે, ના કે તેનો દેખાવ.

એકવાર સૂર્યાસ્ત સમયે, સૂર્યએ બધાને પૂછ્યું : "મારી ગેરહાજરીમાં મારી જગ્યાએ કોણ કામ કરશે?"

આખી દુનિયામાં મૌન હતું. કોઈ પાસે જવાબ નહોતો. પછી ખૂણામાંથી અવાજ આવ્યો. એક નાનકડા દીવાએ કહ્યું "હું છું ને" હું મારા શ્રેષ્ઠ પ્રયાસ કરીશ.

તમારા વિચારમાં તાકાત અને તેજ હોવું જોઈએ. તમે નાના કે મોટા હોવ તેનાથી કોઈ ફરક પડતો નથી, તમારી વિચારસરણી મોટી હોવી જોઈએ. તમારા મનની અંદર દીવો પ્રગટાવો અને હંમેશા હસતા રહો.

# શ્રધ્ધાંજલિ



## સ્વ. રમેશભાઈ ડાહ્યાલાલ ગાંધી

(ગામ-રણુંજ, હાલઃ વાશી, નવી મુંબઈ)

જન્મ તા.૦૮-૧૧-૧૯૪૪ • સ્વ.તા.૨૨-૦૭-૨૦૨૩

જીવન એવું જીવી ગયા કે સૌના દિલમાં વસી ગયા,
આપનો આનંદિત અને સરળ સ્વભાવ
હંમેશા માર્ગદર્શી રૂપે અમારી સાથે રહેશે.
પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પણ કરે તેવી પ્રાર્થના

**પત્ની : ગં.સ્વ. બકુલાબેન રમેશભાઈ ગાંધી**

**માતા : સ્વ. કંચનબેન ડાહ્યાલાલ ગાંધી ❖ પિતા : સ્વ.ડાહ્યાલાલ વાડીલાલ ગાંધી**

સચીન રમેશભાઈ ગાંધી (પુત્ર)
ડોલી સચીન ગાંધી (પુત્રવધુ)
જાનવી સચીન ગાંધી (પૌત્રી)
શુભમ સચીન ગાંધી (પૌત્ર)

જતીન રમેશભાઈ ગાંધી (પુત્ર)
રિકેતા જતીન ગાંધી (પુત્રવધુ)
પર્વ જતીન ગાંધી (પૌત્ર)

### ભાઈ અને બહેન

સ્વ. કેશવલાલ • સ્વ. વસુમતીબેન
સ્વ. અશ્વિનભાઈ • ગં.સ્વ. વિમળાબેન
શ્રી મનુભાઈ • અ.સૌ. સુલોચનાબેન

સ્વ. મંગુબેન • સ્વ. રસીકલાલ
સ્વ. સવિતાબેન • સ્વ. સુરેન્દ્રકુમાર
સ્વ. તરુબેન • સ્વ. સેવન્તીલાલ

ગં.સ્વ. નિરુપાબેન • સ્વ. જસવંતલાલ
અ.સૌ. કુમુદબેન • શ્રી રજનીકાંત
સ્વ. ઉષાબેન • શ્રી નરેન્દ્રભાઈ

સરનામું : ડી-૧/એન-૧૧, ન્યૂ અલકનંદા સોસાયટી, એમ. જી. કોમ્પલેક્ષ, સેક્ટર-૧૪, વાશી, નવી મુંબઈ-૪૦૦૭૦૩.
સચીન : ૮૧૦૪૨૫૦૬૧૦, જતીન : ૭૯૭૭૩૭૦૨૯૮

R.N.I. Regd. No. : GujGuj/2003/11307 ● Postal Reg. No. : GAMC - 1401/2021-23 Publishing on 1st Date of every Month
Issued by SSP Ahmedabad Valid up to 31-12-2023 ● Posting at P.S.O. Ahmedabad on 1st date of every month
Licensed to Post Without Prepayment No.PMG/NG/102/2021-23 valid up to 31/12/2023






परिवार पत्रिका

કાર્યાલય : શ્રીમતી સરસ્વતીબેન રમણલાલ શાહ સાંસ્કૃતિક ભવન, શ્રી ચુનીલાલ અમુલખદાસ પાર્ટીપ્લોટ, ગોદાવરી દેરાસરની બાજુમાં, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭. ફોન. નં. : (૦૭૯) ૨૬૬૦૨૩૭૫
સમય : ૧૦-૩૦ થી ૭-૩૦ (સોમવારે રજા)
E-mail : mehsana_jainprant@yahoo.com | Website : www.47dashashrimali.com

પ્રકાશન કાર્યાલય : શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ વતી સંપાદક-પ્રકાશક શ્રી પ્રમોદભાઈ એન. ગાંધીએ જગદિશ ઓફસેટ, ઘીકાંટા, અમદાવાદમાં છપાવીને શ્રીમતી સરસ્વતીબેન રમણલાલ શાહ સાંસ્કૃતિક ભવન, શ્રી ચુનીલાલ અમુલખદાસ પાર્ટી પ્લોટ, ગોદાવરી દેરાસરની બાજુમાં, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭થી પ્રસિદ્ધ કર્યું.